# શહેરમાં આત્મહત્યાના બનાવોમાં ચિંતાજનક વધારો

## વિદ્યાર્થીવર્ગમાં નાની-નાની સમસ્યાઓને લઈને ટ્રેસ લેવલ વધી રહ્યું છે : તણાવગ્રસ્ત વ્યક્તિએ પોતાના પરિવાર અને મિત્રોને સમસ્યા અંગે વાતચીત કરવી ડોક્ટરોના મતે અનિવાર્ય





ગાંધીનગર, તા. ૧૩

આજકાલ વિદ્યાર્થીઓમાં આપઘાતનું પ્રમાણ વધી રહ્યું છે. નબળા મનના વિદ્યાર્થીઓ આપઘાતનો રસ્તો અપનાવી રહ્યા છે. શહેરમાં આપઘાતના ૭ જેટલા કિસ્સા બનવા પામ્યા છે. જેમાં તબીબી વિદ્યાર્થીઓ પણ સામેલ છે. ૧૮ થી ૩૦ વર્ષની વયજૂથમાં આત્મહત્યાના બનાવો વધારે બની રહ્યા છે. ગાંધીનગરમાં જાણીતા માનસિક રોગોના તબીબ ડૉ. ગૌરાંગ થાનકીના જણાવ્યા મુજબ વિદ્યાર્થીઓ નાની-નાની બાબતે તણાવમાં આવી જાય છે, ડીપ્રેશનમાં શરી પડે છે, નકારાત્મક વિચારોમાં એકલવાયું જીવન જીવતા થઈ રહ્યા છે. આજકાલના વિદ્યાર્થીઓ પોતાના પ્રોબ્લેમ્સ પરિવાર કે મિત્રો સાથે શેર નથી કરતા અને નાની નાની વાતમાં મરવાના વિચારો કરી રહ્યા છે. દરેક આત્મહત્યાના ૧૦ થી ૧૫ પ્રયત્નોમાંથી એકમાં વ્યક્તિ સફળ રીતે આત્મહત્યા કરે છે એવું નોંધાયુ છે. પુરૂષો કરતાં સ્ત્રીઓ આત્મહત્યાના પ્રયાસો વધુ પ્રમાણમાં કરે છે પરંતુ સ્ત્રીઓ કરતાં પુરૂષો આત્મહત્યાના પ્રયાસોમાં વધુ સફળ નીવડે છે એવું અત્યાર સુધીના અભ્યાસ પરથી માલુમ પડ્યું છે. ગાંધીનગરમાં ડીવાયએસપી તરીકે ફરજ બજાવતા એમ.કે. રાણાએ આ બાબતે જણાવ્યું હતું કે આજકાલના વિદ્યાર્થીઓ અને યુવાવર્ગની જીવનશૈલીમાં ઘણો બધો ફેરફાર આવી ગયો છે. સવારે ઉઠતાની સાથે મોબાઈલ લઈને બેસી જતા હોય છે. ખાવા-પીવાથી લઈ તેમની દિનચર્યામાં સંપૂર્ણ બદલાવ આવી ગયો છે. સ્વભાવમાં પણ ઝડપથી ગુસ્સો આવી જવો, ઉસ્કેરાઈ જાય તેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે. પછી અભ્યાસમાં સારા માર્કસ ન મળે ત્યારે જીવન ટૂંકાવી દેતા હોય છે. પરંતુ જો મોબાઈલમાં રચ્યા પચ્યા ન રહેવામાં અને વધારે ધ્યાન અભ્યાસમાં આપતા હોય તો આવી પરિસ્થિતિ ન સર્જાય. આ ઉપરાંત ડીજીટલ યુગમાં સોશિયલ મિડિયાના કારણે યુવાવર્ગ આખો દિવસ તેમાં રચ્યો પચ્યો જોવા મળે છે. જેમાં ઘણા બધા કિસ્સાઓ સામે આવ્યા છે. ફ્રોડ, બ્લેકમેઈલિંગ જેવી ઘટનાઓ વધારે બની રહી છે. તેમાં સોશિયલ મિડિયા મોટો ભાગ ભજવી રહ્યું છે. પરિવાર અને મિત્રોની સાથે વાતચીત કર્યા વગર યુવાવર્ગ જાતે નિર્ણય લઈને જીવન ટૂંકાવી દે છે અને પછીથી કારણો જોતા અમુક કિસ્સાઓમાં સામાન્ય બાબતે આત્મહત્યાનું પગલુ બહાર આવે છે. આજનો યુવાવર્ગ નશાખોરી તરફ વળ્યો છે. માનસિક ટ્રેસમાં આવતા જ નશો લેવાનું શરૂ કરી દે છે. સમાજમાં ગુનાહિત પ્રવૃત્તિઓમાં નશાખોરો જ વધારે પકડાતા હોય છે.

સમાજમાં સહનશીલતા જેવું હવે ઓછું થઈ ગયું છે. વ્યાજખોરોના ત્રાસથી લોકો ઝેરી દવા પી લે છે, લગ્ન બાદ સાસરીયા પક્ષે દહેજની માંગણી બાબતે મહિલાઓ આત્મહત્યા કરે છે. આર્થિક સંકટ આવી જતાં આત્મહત્યાના કિસ્સાઓ એમ સમાજમાં જીવન ટૂંકાવી દેવાની ઘટનાઓ સામાન્ય બની ગઈ છે. બેરોજગારીમાં યુવાનો થાકીને આત્મહત્યા કરી બેસે છે. મહિલાઓમાં આત્મહત્યાનું સૌથી મોટું કારણ લગ્ન, પ્રેમ સંબંધ અને પરીક્ષામાં નાપાસ થવુ છે જ્યારે પુરૂષોમાં તેનું મોટુ કારણ નશાખોરી, દેવાળુ ફુંકવું અને લગ્ન જીવનમાં સમસ્યા છે. માનસિક તણાવના કારણે માનસિક રોગોના નિષ્ણાંતોની સારવાર માટે કોરોનાકાળ બાદ વધારો નોંધાયો છે. તબીબોની સલાહ મુજબ દરેક તણાવગ્રસ્થ વ્યક્તિએ પરિવાર અને મિત્રો સાથે પોતાની સમસ્યા વ્યક્ત કરવી જોઈએ, દરેક સમસ્યાનું નિરાકરણ લાવી શકાય છે.

# પોર ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

પુર્વ વડાપ્રધાન અને ભારતરત્ન અટલ બિહારી વાજપેયીની જન્મજયંતી નિમિત્તે સુશાસન સપ્તાહની ઉજવણી અંતર્ગત મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તેમજ પ્રજાની વ્યક્તિલક્ષી રજૂઆતોના ઉકેલની ઝડપ વધે એ માટે મહાનગરપાલિકા અને નગરપાલિકા શહેરકક્ષાએ સેવાસેતુ આઠમા તબક્કાનાનું આયોજન કરાયું છે. જેના ભાગરૂપે ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા વોર્ડ નંબર ૮ પોર પ્રાથમિક શાળા, પોર, ગાંધીનગર ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. સેવાસેતુ કાર્યક્રમમાં મેયર, ડે.મેયર, ચેરમેન, મ્યુનિસિપલ કાઉન્સિલરો તથા અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા.

સેવા સેતુ કાર્યક્રમ દરમિયાન નાગરિકો માટે જરૂરી તમામ અરજી ફોર્મની નિશુલ્ક વ્યવસ્થા કરવામાં આવી હતી. નોટરી અને સ્ટેમ્પની વ્યવસ્થા વિનામૂલ્યે પુરી પાડવામાં આવી હતી. તેમજ રાજ્ય સરકારના સૂચના મુજબ મફત કાનૂની સહાય કૃષિ પ્રદર્શનનાં સ્ટોલ બનાવી સેવા પૂરી પાડવામાં આવી હતી .આ કાર્યક્રમ દરમિયાન જુદા જુદા વિભાગોને લગતી ૧૯૨૨ અરજીઓ આવી હતી. જેમાંથી તમામ અરજીઓનો સકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.







ક્યુબા ગ્રુપ દ્વારા હોમ ડેકોરેશનને લગતા પ્રદર્શનનું આયોજન કરાયુ છે. આ પ્રદર્શનમાં વિવિધ ડિઝાઈનનું ફર્નીચર, ઘર સજાવટની ચીજવસ્તુઓ જોવા માટે મુલાકાતીઓ આવી રહ્યા છે. સુંદર પેઈન્ટીંગ્સે પ્રદર્શનનું આકર્ષણ વધાર્યુ છે.

# સે.૨ પાસેના ઓવરબ્રિજ નીચેના ગરનાળા પાસે સર્જાતી જોખમી સ્થિતિ

ગાંધીનગર : ૧૩

ગાંધીનગરના અમદાવાદ તરફના મુખ્ય માર્ગ એસ. જી. હાઈવે પર ઈન્ફોસિટી સર્કલ પાસે ઘ-૦થી ચ-૦ સુધી ઓવર બ્રિજ બનાવાયો છે જેમાં સે.૨ અને ઈન્ફોસિટી વચ્ચેના લોકલ ટ્રાફિક માટે એક ગરનાળું બનાવાયું છે જ્યાંથી વાહનોની અવરજવર તો બંધ કરી દેવાઈ છે અને માત્ર રાહદારીઓ પસાર થઈ શકે તે રીતે વચ્ચે થાંભલા લગાડી દેવાયાં છે જેના કારણે સેક્ટર-૨માંથી એસજી હાઈવે પર જવા માટે, ઈન્ફોસિટી તરફ કે ટીસીએસ તરફ જવા માંગતા વાહનચાલકોને પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. આ કારણે અનેક વાહનચાલકો નાછુટકે રોંગસાઈડ જવાનું જોખમ ઉઠાવે છે. આ ઉપરાંત અહીં ઓવર બ્રિજ પરથી સેક્ટર-૨ તરફ જવા માંગતા વાહનચાલકો માટે નીચે તરફ આવતો રોડ બનાવાયો છે તેનો છેડો મળે છે. આ કારણે અંહી ઘ-૦થી આવતા વાહનો અને ઓવરબ્રિજ પરથી નીચે તરફ આવતા વાહનો એકઠાં થાય છે. આ સ્થિતિમાં દિવસમાં અનેકવાર અકસ્માતનું જોખમ ખડું થવા સાથે ખાસ કરીને પીકઅવર્સ દરમ્યાન અહીં ટ્રાફિક જામ જેવી સ્થિતિ સર્જાય છે. સે.૨ના વાહનચાલકોને એસજી હાઈવે પર જવા માટે અથવા ઈન્ફોસિટી કે ટીસીએસ તરફ જવામાં પડી રહેલી મુશ્કેલીથી ઓવરબ્રિજની ડિઝાઈન બાબતે આ વિસ્તારના વસાહતીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.



# વડોદરા પ્રાથમિક શાળાની પાછળથી ત્રણ જુગારી ઝડપાયા

ગાંધીનગર,તા.૧૩

ગાંધીનગર નજીક આવેલા વડોદરા ગામની પ્રાથમિક શાળાની પાછળ ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ત્રણ શકુનીઓને ડભોડા પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૦,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ડભોડા પોલીસના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે તેઓને બાતમી મળી હતી કે વડોદરા ગામ પ્રાથમિક શાળાની પાછળના ભાગે ખુલ્લી જગ્યામાં કેટલાક જુગારીઓ કુંડાળુ વળીને બાજી માંડીને બેઠા છે.જેથી પોલીસે સ્થળ પર જઈ દરોડા પાડતા જુગાર રમી રહેલા મેહમુદમીયા યુસુફમીયા ખોખર (રહે.કુબડથાલ તા.દસક્રોઈ), કેતન ચંદુભાઈ ઠાકોર (રહે.કુબડથાલ તા.દસક્રોઈ અમદાવાદ) અને મનિષ કાન્તીજી વાઘેલાને પકડી પાડ્યા હતા.પોલીસે દાવ પરથી રોકડા રૂ.૧૪૦૦ તેમજ જુગારીઓની અંગજડતી દરમિયાન રોકડા રૂ.૯,૨૦૦ મળી કુલ રૂ.૧૦,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વિદ્યાર્થીઓ નો જીવ બચાવવા યુવાનો નો ૪૭ ડિગ્રી તાપમાનમાં નર્મદા કેનાલ પર અડગ પહેરો..

ગાંધીનગર,તા.૧૩

ગાંધીનગર જિલ્લા પોલીસ ના સુરક્ષા સેતુ પ્રોજેક્ટ હેઠળ જીવન આસ્થા હેલ્પલાઈન છેલ્લા ૭ વર્ષ થી ચલાવવામાં આવી રહી છે પ્રોજેક્ટ ના લાઈઝેનીગ ઓફિસર પ્રવીણ કુમાર વાલેરા ના જણાવ્યા નુસાર ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ તથા ગુજકેટનું પરિણામ જાહેર કરવામાં આવતા નબળા પરિણામ કે નાપાસ થવાને કારણે પરિણામ ના દિવસે આત્મહત્યા ના બનાવો વધી જતાં હોય છે જયારે આત્મહત્યા નિવારણ માટે કાર્યરત જીવન આસ્થા હેલ્પલાઈન તથા રાધે રાધે પરીવાર ના સભ્યો ના સહયોગ થી ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતી નર્મદા કેનાલ ઉપર જુદી જુદી ટીમો બનાવી તથા પોલસ સ્વય સેવક ને સવાર થી સાંજ સુધી તેનાત રાખવામાં આવ્યા હતા. આવી ૪૭ ડિગ્રી ની કાળઝાળ ગરમીમાં પણ આવી સેવા બદલ એમની સમગ્ર ટીમ ને લાખો વંદન ..સદનસીબે કેનાલ પર કોઈ અનિછનીય બનાવ બન્યો નથી.જેના કારણે પોલીસ તંત્ર એ રાહત નો શ્વાસ લીધો હતો.

# હજુ, શહેરમાં દિવ-ગોવાના પ્રવાસનો ક્રેઝ

## ઉનાળાની ગરમીના કારણે દરિયાકાંઠાના વિસ્તારો હોટ ફેવરેટ બન્યા




ગાંધીનગર, તા. ૧૩

શહેરમાં ઉનાળુ વેકેશનનો માહોલ છે. શાળાઓ દ્વારા પરીક્ષાના પરિણામ પણ જાહેર કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે સાથે શિક્ષકો પણ રજાના દિવસોમાં હવે પ્રવાસ કરવાના મૂડમાં છે. સૌ કોઈ ઉનાળાની ગરમીમાં દરિયાકિનારા અને જંગલ વિસ્તારોમાં ફરવા જવાનું પસંદ કરે છે. ત્યારે શહેરીજનોએ પણ આ વખતે ગરમીથી રાહત મેળવવા અને પરિવારના સભ્યો સાથે મનભરીને ઉનાળુ વેકેશન માણવા માટે દિવ, દમણ, ગોવા, સોમનાથ, દ્વારકા જેવા દરિયાકાંઠાના વિસ્તારો પસંદ કર્યા છે. જ્યારે ગીરના જંગલોમાં સિંહોની સફારી માણવા માટે આ વિસ્તારમાં પણ મહેરામણ ઉમટ્યું છે. આ સાથે રાજસ્થાન, ઉદયપુરમાં પણ પ્રવાસીઓ રજાઓ માણવાનું પસંદ કરી રહ્યા છે. ટૂર એન્ડ ટ્રાવેલ્સના સભ્યના જણાવ્યા મુજબ સૌથી વધારે પ્રવાસીઓ દરિયાકાંઠાના વિસ્તારોમાં નોંધાઈ રહ્યા છે. આ વખતે ઉનાળાની ગરમી સખત હોવાથી નાગરિકો ઠંડકવાળી જગ્યાએ જવાનું વધુ પસંદ કરી રહ્યા છે. સુંદર મજાના રિસોર્ટમાં જઈને સ્વીમિંગ પુલમાં ડૂબકી લગાવવા માટે શહેરીજનો થનગની રહ્યા છે. પ્રવાસના પ્લાનિંગ કરતા શહેરીજનો શોપિંગ કરવા માટે માર્કેટમાં જોવા મળી રહ્યા છે.

આ વેકેશનમાં દરિયાકાંઠાના વિસ્તારો ઉપરાંત શહેરીજનો લેહ-લદાખ, દાર્જીલિંગ, ગંગટોક, સિક્કિમ, નૈનિતાલ, કુલુમનાલી, સિમલા, ધરમશાલા, કાશ્મિર, મહાબળેશ્વર, લોનાવાલા, ખંડાલા, શીરડી, શનિદેવ, પંચમઢી, માઉન્ટઆબુ, સિમલા, દિલ્હી, આગ્રા, એસેલવર્લ્ડ, અંબાજી, શ્રીનાથજી, સાપુતારા, નાસિક, પાવાગઢ, બેંગ્લોર, મૈસૂર, ઊટી, ગીરનાર, તુલસીશ્યામ સહિતના ભારત-ગુજરાતના વિવિધ સ્થળોએ વેકેશનની મોજ માણવા અધીરા બન્યા હોવાનું જોવા મળે છે. પસંદગીના સ્થળોએ જવા માટે ટ્રાફીકના કારણે સારા ડેસ્ટીનેશનની એર ટીકિટ્સ ઘણી ઊંચી કિંમતમાં મળી રહી છે. જેને કારણે પેકેજની કિંમત ઘણી વધી જતી જોવા મળે છે. શહેરીજનો મોંઘવારીના કારણે લોંગ ડીસ્ટન્સવાળા સ્થળો કરતા શોર્ટ ડીસ્ટન્સવાળા સ્થળોએ જવાનું પસંદ કરી રહ્યા છે. ઘરે બેઠા જ જે તે સ્થળોએ હોટલ અને રિસોર્ટ બુક કરાવી દીધા છે. હાલનું યુવાધન લેહ-લદાખ જવા માટે ક્રેઝી હોવાનું જોવા મળે છે. એમાં પણ બુલેટ કે બાઈક લઈને જવાનો ટ્રેન્ડ પણ હાલમાં જોવા મળી રહ્યો છે. સાસણગીર, સાપુતારા, માઉન્ટ આબુ, દિવ જેવા ડેસ્ટીનેશન ઉપર શહેરીજનો પોતપોતાની રીતે પ્રાઈવેટ સાધનો ગ્રુપ સર્કલ સાથે નીકળી રહ્યા છે.